વૉલ્યુમ - 67 ઇસ્યુ નં. 23 4th MARCH 2023 Done
પેજ નં. 28

સાધના સાપ્તાહિક

# "વીર સાવરકર ભારત કે મહાનાયક" વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા મેઘનિર્ઘોષના સંયુક્ત ઉપક્રમે, વીર સાવરકરજીની પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૬-૦૨-૨૦૨૩ના રોજ "વીર સાવરકર ભારત કે મહાનાયક" વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીયકક્ષાના સેમિનારના સમાપન સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. સમારોહમાં ભારતીય જનતા પાર્ટીના સંસદ સભ્ય અને રાષ્ટ્રીય પ્રવક્તા ડૉ. સુધાંશુ ત્રિવેદી, શ્રી વિનય સહસ્ત્રબુદ્ધે અધ્યક્ષ આઈ.સી.સી.આર, શ્રી ઉદય માહુરકર સૂચના આયુક્ત ભારત સરકાર, યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, શ્રી સુનિલ મહેતા શિક્ષણવિદ્દ, પ્રો. કે. જી. સુરેશ કુલપતિ માખનલાલ ચતુર્વેદી રાષ્ટ્રીય પત્રકારિતા વિશ્વવિદ્યાલય, શ્રી કિશોર મકવાણા સભ્ય નેહરુ મેમોરિયલ મ્યુઝિયમ એન્ડ લાઈબ્રેરી, શ્રી વૈભવ પુરંદરે સીનીયર એડિટર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, શ્રી ચિરાયુ પંડિત લેખક તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.